જિલ્લાપ્રાથમિકશિક્ષણાધિકારીનીકચેરી
બસસ્ટેન્ડસામેરાજમહેલરોડ,મહેસાણા-૩૮૪૦૦૧
Email Id: dpeomehsana@gmail.com
ફોન નં. ૦૨૭૬૨ ૨૨૨૩૨૦

જા.નં જિ.શિ.સ/ADM /વશી/ ૧૧ /૨૦૨૨
જિલ્લા શિક્ષણ સમિતિ,મહેસાણા
તા.૦૭/૦૧/૨૦૨૨

# જાહેર રજાઓ - ૨૦૨૨

વંચાણે: (૧) ધી બોમ્બે પ્રાયમરી એજ્યુકેશન રૂલ્સ-૧૯૪૯, નિયમ-૧૨૫ (૪), (૫)
(૨) સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામાં ક્:ગસ/૨૦/૨૦૨૧/જસર/૧૦૨૦૨૧/૪૩૧/ધ, તા. ૨૪, નવેમ્બર, ૨૦૨૧

ઉપરોક્ત વંચાણે-(૧) અનુસારની જોગવાઈઓ તથા વંચાણે-(૨) અનુસારના જાહેરનામાંથી કેલેન્ડર વર્ષ-૨૦૨૨ માટે પ્રસિદ્ધ થયેલ જાહેર રજાઓ ધ્યાને લઈને જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, મહેસાણા હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓમાં કેલેન્ડર વર્ષ-૨૦૨૨ માટેની જાહેર રજાઓ નીચે મુજબની યાદી અનુસારની વિગતે જાહેર રજાઓ રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

| ક્રમ | તારીખ | વાર | રજાનુંનામ | દિવસ |
|---|---|---|---|---|
| ૧ | ૧૪-૦૧-૨૦૨૨ | શુક્રવાર | મકરસંક્રાંતિ | ૧ |
| ૨ | ૧૫-૦૧-૨૦૨૨ | શનિવાર | મકરસંક્રાંતિનો બીજો દિવસ | ૧ |
| ૩ | ૨૬-૦૧-૨૦૨૨ | બુધવાર | પ્રજાસત્તાકદિન | ૧ |
| ૪ | ૦૧-૦૩-૨૦૨૨ | મંગળવાર | મહાશિવરાત્રી | ૧ |
| ૫ | ૧૭-૦૩-૨૦૨૨ | ગુરૂવાર | હોળી | ૧ |
| ૬ | ૧૮-૦૩-૨૦૨૨ | શુક્રવાર | હોળી બીજો દિવસ(ધૂળેટી) | ૧ |
| ૭ | ૦૨-૦૪-૨૦૨૨ | શનિવાર | ચેટીચાંદ | ૧ |
| ૮ | ૧૪-૦૪-૨૦૨૨ | ગુરૂવાર | ડૉ બાબાસાહેબ આંબેડકરનો જન્મદિન/મહાવીરજયંતિ | ૧ |
| ૯ | ૧૫-૦૪-૨૦૨૨ | શુક્રવાર | ગુડફ્રાઈડે | ૧ |
| ૧૦ | ૦૩-૦૫-૨૦૨૨ | મંગળવાર | ભગવાનશ્રી પરશુરામ જયંતિ/રમજાન ઈદ | ૧ |
| ૧૧ | ૦૯-૦૮-૨૦૨૨ | મંગળવાર | મોહરમ | ૧ |
| ૧૨ | ૧૧-૦૮- ૨૦૨૨ | ગુરુવાર | રક્ષાબંધન | ૧ |
| ૧૩ | ૧૫-૦૮- ૨૦૨૨ | સોમવાર | સ્વાતંત્ર દિન | ૧ |
| ૧૪ | ૧૬-૦૮-૨૦૨૨ | મંગળવાર | પારસી નૂતન વર્ષ (પતેતી) | ૧ |
| ૧૫ | ૧૮-૦૮-૨૦૨૨ | ગુરૂવાર | શીતળા સાતમ | ૧ |
| ૧૬ | ૧૯-૦૮-૨૦૨૨ | શુક્રવાર | જન્માષ્ટમી | ૧ |
| ૧૭ | ૨૦-૦૮- ૨૦૨૨ | શનિવાર | નંદ મહોત્સવ (પારણાં) | ૧ |
| ૧૮ | ૩૧-૦૮- ૨૦૨૨ | બુધવાર | સવંત્સરી | ૧ |
| ૧૯ | ૧૦-૦૯-૨૦૨૨ | શનિવાર | ભાદરવી પૂનમ નો મેળો | ૧ |
| ૨૦ | ૦૩-૧૦-૨૦૨૨ | સોમવાર | દુર્ગાષ્ટમી | ૧ |
| ૨૧ | ૦૪-૧૦-૨૦૨૨ | મંગળવાર | નવરાત્રી નોમ | ૧ |
| ૨૨ | ૦૫-૧૦-૨૦૨૨ | બુધવાર | દશેરા(વિજયાદશમી) | ૧ |

નોંધ : નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી જાહેર રજાના દિવસ તરીકે જાહેર કરેલ નથી.

(1) શ્રી રામ નવમી(તા. ૧૦/૦૪/૨૦૨૨) (2) બકરી ઇદ (તા. ૧૦/૦૭/૨૦૨૨)
(3) મહાત્મા ગાંધી (તા. ૦૨/૧૦/૨૦૨૨) (4) ઇદ-એ-મિલાદ (તા. ૦૯/૧૦/૨૦૨૨)
(5) નાતાલ (તા.૨૫/૧૨/૨૦૨૨)

(P.T.O.)

1. ઉનાળુ વેકેશન(દિન-૩૫) અને દિવાળી વેકેશન(દિન-૨૧) તારીખો નક્કી થયેથી અલાયદા પત્રથી જાણ કરવામાં આવશે.
2. કેન્દ્ર/ રાજ્ય સરકાર દ્વારા કોઈ પ્રસંગે રજા જાહેર કરવામાં આવે અને તે અંગે જાહેર પ્રસારના માધ્યમો દ્વારા તે અંગેની જાણ થાય ત્યારે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીનો સમ્પર્ક કરીને ખરાઈ કર્યા બાદ જ આવા કિસ્સામાં રજા રાખવાની રહેશે.
3. સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૪, નવેમ્બર, ૨૦૨૧ થી બહાર પડેલ જાહેરનામાથી પ્રસિદ્ધ કરવામાં આવેલ મરજિયાત રજાની યાદી પૈકીની બે રજાઓ દરેક કર્મચારી ધાર્મિક બાધ વિના મરજિયાત રજા તરીકે ભોગવી શકાશે. આવી રજા ભોગવવા માટે અગાઉથી લેખિત માંગણી કરી પરવાનગી મેળવ્યા પછી જ આવી રજા ભોગવી શકાશે.
4. દરેક તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા પોતાના તાલુકામાં સ્થાનિક મહત્ત્વ ધરાવતા તહેવારો ધ્યાને લઈને મહત્તમ ૨(બે) રજાઓ સ્થાનિક રજા તરીકે જાહેર કરી શકાશે. જે તાલુકા કક્ષાએથી વર્ષની શરૂઆતમાં મંજૂર કરાવી લેવાની રહેશે.
5. શ્રાવણ માસના સોમવારે શાળાનો સમય સવારનો રાખવાનો રહેશે.
6. રાષ્ટ્રીય તહેવારોના દિવસે આવતી જાહેર રજામાં શાળા કક્ષાએ કાર્યક્રમની ઉજવણી અર્થે શાળામાં દરેક કર્મચારીઓએ આવવાનું રહેશે. રાષ્ટ્રીય તહેવારની ઉજવણીના કાર્યક્રમો સમ્પન્ન કર્યા બાદ જ શાળામાં રજા રાખવાની રહેશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા શિક્ષણ સમિતિ,મહેસાણા

ચેરમેન
જિલ્લા શિક્ષણ સમિતિ,મહેસાણા

પ્રતિ,
તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા પંચાયત કચેરી - તમામ, જિલ્લો- મહેસાણા.
(આપના તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા તથા અમલ સારૂં.)

નકલ સવિનય સહ જાણ સારૂં રવાના:-
1. માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટશ્રી,સમગ્ર શિક્ષા અભિયાન મિશન કચેરી,ગાંધીનગર
2. માન. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર.
3. માન.નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર.
4. માન. કલેકટરશ્રી, મહેસાણા.
5. માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મહેસાણા.

નકલ જય ભારત સહ રવાના :
1. પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા.
2. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા.
3. નાયબ કલેકટરશ્રી, મધ્યાહન ભોજન યોજના, મહેસાણા.
4. તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત કચેરી- તમામ, જિલ્લો- મહેસાણા.

નકલ રવાના:-
1. તમામ મુખ્ય શિક્ષકશ્રીઓ તરફ જાણ તેમજ અમલ સારૂં.
2. એસ.એસ.એ.કચેરી મહેસાણા તરફ.
3. મુખ્ય શિક્ષકશ્રી ખાનગી ગ્રાન્ટેડ,નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા તમામ
4. બી. આર. સી./સી. આર. સી. કો-ઓર્ડી.શ્રીઓ - તમામ, જિલ્લો- મહેસાણા.
5. પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી, મહેસાણા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ.
6. અધ્યક્ષશ્રી/મહામંત્રીશ્રી, પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ, મહેસાણા જિલ્લો.